# પંદરમી ગુજરાત વિધાનસભા
# દિવસના કામકાજની યાદી

**પહેલું સત્ર**

## મંગળવાર, તા. ૨૦મી ડિસેમ્બર, ૨૦૨૨

## સવારના ૧૦-૦૦ વાગ્યે

## પહેલી બેઠક

૧. **અધ્યક્ષશ્રીની ચૂંટણી**

**માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો પ્રસ્તાવ**

" આ સભાગૃહના સભ્યશ્રી શંકરભાઇ ચૌધરીને આ સભાગૃહના અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે."

૨. **ઉપાધ્યક્ષશ્રીની ચૂંટણી**

**માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇનો પ્રસ્તાવ**

"આ સભાગૃહના સભ્યશ્રી જેઠાભાઇ આહીર(ભરવાડ)ને આ સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે. "

## બીજી બેઠક

**(રાજ્યપાલશ્રી બપોરના ૧૨-૦૦ વાગ્યે વિધાનસભાને સંબોધન કરશે**

**રાજ્યપાલશ્રીનું સંબોધન પૂરૂં થયા પછી ૧૫ મિનિટના વિરામ બાદ સભાગૃહની બેઠક મળશે.)**

૧. **રાજ્યપાલશ્રીના સંબોધનની નકલ સભાગૃહના મેજ ઉપર મૂકવી.**

**..... સચિવશ્રી, ગુજરાત વિધાનસભા**

૨. **રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ(રજૂઆત)**

૩. **શોકદર્શક ઉલ્લેખ**

ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વ.શ્રી મધુભાઇ હરજીભાઇ ભુવાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ.

૪. **વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો**

સન ૨૦૨૨નો વટહુકમ ક્રમાંક-૩-સન ૨૦૨૨નો ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન.

**...... શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

...૨...

**૫. <u>અનુમતિ મળેલાં વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવાં</u>**

ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા અને નવમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૨૧નાં વિધેયક ક્રમાંક-૧૮ અને ૨૩ તથા અગિયારમા સત્રમાં પસાર કરેલાં અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૨૨નાં વિધેયક ક્રમાંક-૧૦, ૧૧, ૧૩, ૧૪ અને ૧૫ વિધાનસભાના મેજ ઉપર મૂકવાં.

**......સચિવશ્રી, ગુજરાત વિધાનસભા**

**૬. <u>રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા</u>**

માનનીય સભ્ય શ્રી પૂર્ણેશ મોદીએ તા.૨૦મી ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ રજૂ કરેલો નીચે મુજબનો પ્રસ્તાવ :-

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો :-

"અમો, આ સત્રમાં એકત્ર થયેલાં ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

**૭. <u>સરકારી વિધેયક</u>**

સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૨૨નું ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત વિધેયક.

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**...... શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

**વિધાનસભાગૃહ,**
**ગાંધીનગર.**
**તા. ૧૯મી ડિસેમ્બર, ૨૦૨૨**

**ડી. એમ. પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**